નં. /આરોગ્ય/RCH/NHM/રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ/ફેબ્રુઆરી/રાઉન્ડ/ બાબત/૨૦૨૧
આરોગ્યશાખા જિ.સુરત.
તારીખ :૧૯-૦૨-૨૦૨૧

પ્રતિ,

(૧) તાલુકા આરોગ્ય અધિકારીશ્રી,.....તાલુકા કચેરી (તમામ),જિ-સુરત.
(૨) આચાર્યશ્રી,માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ....(તમામ)જિ-સુરત.
(૩) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી.....(તમામ)જી.સુરત.
(૪) સી.ડી.પી.ઓ શ્રી ....(તમામ)જી-સુરત.

વિષય:- ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ "રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ" (NDD) અને તા.૧૫ ફેબ્રુઆરી-૨૦૨૧ થી ૩૧ માર્ચ ૨૧ વિટામીન A ની ઉજવણી કરવા બાબત

સંદર્ભ:- માન.અધિક નિયામકશ્રી,(પ.ક)ગાંધીનગરના પત્ર નં.૭૨/FW/2020-21/ SNC/Feb'21 NDD &Vitamin A round/ 72/2021 તા.૧૮-૦૨-૨૦૨૧.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ભારત સરકાર દ્વારા દર વર્ષે બે વાર કૃમિનાશક દવા આપવામાં આવે છે. આ માટે "નેશનલ ડી વોર્મિંગ ડે" (NDD) દ્વારા ૧ થી ૧૯ વર્ષના તમામ બાળકોમાં કૃમિ નિયંત્રણ માટે સામુહિક રીતે કૃમિનાશક ગોળી આપવામાં આવે છે આ વર્ષે પણ તા.૨૨-૦૨-૨૦૨૧ થી તા.૨/03/૨૦૨૧ ના રોજ "નેશનલ ડી વોર્મિંગ ડે" (NDD) અને તા.૧૫-૦૨-૨૦૨૧ ના રોજથી થી ૩૧-૩-૨૦૨૧ સુધી વિટામીન A રાઉન્ડનું આયોજન કરવાનું થાય છે.

- ફિમેલ હેલ્થ વર્કરે તેમના વિસ્તારના ૧ થી ૧૯ વર્ષના તમામ બાળકોની યાદી પ્રાથમિક અને માધ્યમિક શાળાના મુખ્ય શિક્ષક, આંગણવાડી વર્કર અને આશા ના સહયોગથી બનાવવાની રહેશે. શાળામા જતા બાળકોની યાદી શિક્ષક સાથે, આંગણવાડીમાં રજીસ્ટરથયેલ બાળકોની યાદી આંગણવાડી કાર્યકર સાથે અને શાળાએ ન જતા તથા આંગણવાડીમાં રજીસ્ટર ન હોય એવા બાળકોની યાદી આશા સાથે રહી તૈયાર કરવાની રહેશે, આ બાળકો ની યાદી ત્રણ નકલ માં બનવાની રહેશે શાળાની યાદી શિક્ષક પાસે તેમજ આંગણવાડી અને શાળાએ ન જતા તથા આંગણવાડીમાં ન નોંધાયેલા બાળકોની યાદી આંગણવાડી ખાતે રાખવી. આ યાદી બનવવાની કામગીરી તાલુકા આરોગ્ય અધિકારીશ્રી અને RBSK ટીમએ સુનિશ્ચિત કરવાની રેહશે. તેમજ હાલની COVID 19 ની પરિસ્થીતીમાં સંપૂર્ણ પણે શાળાઓ ન ખુલતા આશાબહેનો અને આંગણવાડીના કાર્યકર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વે કરી ૧ થી ૧૯ વર્ષના તમામ બાળકોને ગોળીઓ આપવાની રેહશે.
- બીમાર બાળકોની અલગ યાદી તૈયાર કરવાની રહેશે.
- હાલમાં COVID19 ની પરિસ્થિતિ ને ધ્યાને લઇ ઇન્ફેકશન કંટ્રોલ પ્રોટોકોલ ફરજીયાત પણે નિભાવાય તેની જવાબદારી જે-તે મેડીકલ ઓફિસરશ્રી ની રેહશે.
- હેન્ડ હાયજીન પ્રોટોકોલ આ પ્રોગ્રામ સાથે સંલગ્ન તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ ફરજીયાત પણે નિભાવવાનો રેહશે
- પ્રા.આ.કેન્દ્ર અને સબ સેન્ટર દ્વારા આલ્બેન્ડાઝોલ ગોળીનો સ્ટોક શાળા અને આંગણવાડી સુધી તેમજ આશાબહેનો અને આંગણવાડી બહેના સુધી રાઉન્ડ શરૂ થાય તે પહેલા પહોચાડવાની રહેશે.
- ૧ થી ૨ વર્ષની વય ના બાળકોને આલ્બેન્ડાઝોલ ૨૦૦ mg (૪૦૦ mg ની અડધી ગોળી) અથવા આલ્બેન્ડાઝોલ સીરપ-૫ મિ.લી.(૧૦મિ.લી. સસ્પેન્સની અડધી બોટલ આપવી) આપવાની રહેશે
- ૨ થી ૧૯ વર્ષની વયના બાળકોને આલ્બેન્ડાઝોલ ૪૦૦ mg (આખી ગોળી) અથવા આલ્બેન્ડાઝોલ સીરપ-૧૦ મિ.લી.(૧૦મિ.લી. સસ્પેન્સની આખી બોટલ આપવી) આપવાની રહેશે.

- બાળક બીમાર હોય તો ગોળી આપવી નહી, બાળકને ચાવ્યા વગર ગોળી ગળવાનું ન કહેવું, ગોળી ઘરે લેવા માટે બાળકને પરવાનગી આપવી નહી.
- બીમાર બાળક જો સાજુ થયેલ હોય તો મોપ-અપ રાઉન્ડમાં ગોળી આપવાની રહેશે.
- જે બાળકોને તાજેતરમાં યોજાયેલ શાળા આરોગ્ય કાર્યક્રમમાં આલ્બેન્ડાઝોલ ગોળી આપેલ હોય તેઓને નેશનલ ડી વોર્મિંગ ડે દરમિયાન ગોળી આપવાની થતી નથી.
- આલ્બેન્ડાઝોલ ગોળી એકદમ સુરક્ષિત ગોળી છે. જેની કોઈ સામાન્યકે ગંભીર આડ અસર થતી નથી.
- ખાસ કરીને જે બાળકોના આંતરડામાં કૃમિનો ચેપ વધુ હોય તે બાળકોમાં ગોળીના સેવન બાદ ઉપકા, પેટમાં દુ:ખાવો, ઉલ્ટી, ઝાડા અને થાક લાગવો જેવા લક્ષણો ઉભા થઈ શકે જે શાળા કે આંગણવાડી ખાતે નોંધાયેલ કોઈપણ ઘટના સમયે વધુ ગભરાવવું નહિ અને આરોગ્ય સ્ટાફ ને જાણ કરવી.
- આંગણવાડી કાર્યકરે ૧ થી ૫ વર્ષના બાળકોને અને આશાબહેનો એ ૬ થી ૧૯ વર્ષના તમામ બાળકોને આવરી કામગીરી પૂર્ણ કરવાની થાય છે.
- એડવર્ઝ ઇવેન્ટ જો થાય તો તેનું રીપોર્ટીંગ જે-તે પ્રા.આ.કેન્દ્ર પર કરવાનું રેહશે.

બીડાણ :સંદર્ભ પત્ર અને ગાઈડ લાઈન.

| | | | |
|---|---|---|---|
| જિલ્લા શિક્ષણાધિકારી<br>જિલ્લા,સુરત | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી,<br>જિલ્લા પંચાયત,સુરત. | પ્રોગ્રામ ઓફિસર,ICDS<br>જિલ્લા પંચાયત,સુરત | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી<br>જિલ્લા પંચાયત,સુરત |

નકલ સવિનય રવાના:-

(૧)માન. કલેક્ટરશ્રી, સુરત રફ જાણ સારૂ.

(૨)માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત તરફ જાણ સારૂ.

નકલ જયભારત રવાના:-

(૧) આર.સી.એચ.અધિકારીશ્રી, સુરત તરફ જાણ સારૂ.

(૨) સ્ટેટ નોડલ ઓફિસર,એમ.એમ.એન.પી.એમ.ટી ગાંધીનગર તરફ જાણ સારૂં.

જા. નં./માન્ગ/2021/2240

**જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,**
**જિલ્લા સેવા સદન-૨, બી બ્લોક,**
**ત્રીજે માળ, અઠવાલાઈન્સ, સુરત.**
**તા.:** 20/02/2021

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત શહેર/જિલ્લાની તમામ મા. તથા ઉ.મા. શાળાઓ તરફ,

સુરત, જી. સુરત

૨/- જાણ તથા અમલ થવા સારૂ

**જિલ્લા શિક્ષણાધિકારી,**
**સુરત, જિલ્લો, સુરત.**